ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
ઝવેરચંદ મેઘાણી ભવન, કૃષિભવનની પાછળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports, Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
Jhaverchand Meghani Bhavan, B/h. Krushi Bhavan,
Sector-10-A, Gandhinagar-382010
Phone : 079-23256797 / 98

ક્રમાંક: ગસઅ/મકમ/કરાર આધારિત/જાહેરાત/૨૦૨૬-૨૭/૯૮૨ તા. 17 AUG 2026

## જાહેરાત

ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, સિંધી અને કચ્છી સાહિત્ય અકાદમીઓ કાર્યરત છે. આ સાહિત્ય અકાદમીઓ દ્વારા ભાષા-સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે વિવિધ યોજનાઓ અમલમાં છે. આ સમગ્ર યોજનાઓના અમલીકરણ અંગેની સમગ્ર કામગીરી અકાદમીની વહીવટી, વિવિધ અકાદમી, હિસાબી, રજીસ્ટ્રી, પ્રકાશન, ગ્રંથાલય જેવી વિવિધ શાખાઓ દ્વારા થાય છે. અકાદમીની આ મહત્વની યોજનાકીય અને વહીવટી કામગીરી માટે કરાર આધારિત જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | સંખ્યા | ફિક્સ પગાર |
|---|---|---|---|
| ૧ | સંપાદક | ૦૧ | ૪૫,૦૦૦/- |
| ૨ | પ્રકાશન અધિકારી | ૦૧ | ૪૫,૦૦૦/- |
| ૩ | સહાયક મહામાત્ર - હિન્દી | ૦૧ | ૪૦,૦૦૦/- |
| ૪ | સહાયક મહામાત્ર - ગુજરાતી | ૦૧ | ૪૦,૦૦૦/- |
| ૫ | સહાયક મહામાત્ર - કચ્છી | ૦૧ | ૪૦,૦૦૦/- |
| ૬ | સહાયક મહામાત્ર (સંસ્કૃત) | ૦૧ | ૪૦,૦૦૦/- |

ઉપરોક્ત તમામ જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત છે. કરારની મુદત પૂર્ણ થયેથી નિમણૂક આપોઆપ રદ ગણાશે. ઉપરોક્ત તમામ જગ્યાઓ વિશેની લાયકાતો અને ભરતી અંગેના નિયમો અકાદમીની વેબસાઇટ www.gujaratsahityaacademy.com પરથી મેળવી શકાશે.

વેબસાઇટ પર અરજી ફોર્મ તા.૧૯/૦૮/૨૦૨૬ સવારે ૧૦:૦૦ કલાકથી તા.૩૧/૦૮/૨૦૨૬ સાંજે ૦૪:૦૦ કલાક દરમિયાન ઉપલબ્ધ થશે. ફોર્મમાં દર્શાવ્યા મુજબનાં તમામ જરૂરી પ્રમાણપત્રોની ખરી નકલ સાથે અરજી ફોર્મની પ્રિન્ટ સહિત તા.૦૨/૦૯/૨૦૨૬ સાંજે ૦૫:૩૦ સુધીમાં અકાદમીના સરનામે મળે તે રીતે માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરિયરથી મોકલી આપવાની રહેશે. રૂબરૂમાં અરજીઓ સ્વિકારવામાં આવશે નહીં.

૧૧ માસના કરાર આધારે ફિક્સ પગારથી કરવામાં આવનાર નિમણુંકની સેવાઓની લાયકાત, અનુભવ, વય મર્યાદા તેમજ પગાર ધોરણ તથા શરતો અને બોલીઓ આ સાથે બીડેલ પત્રક-૧ અને ૨માં જણાવ્યા મુજબની રહેશે.

## પત્રક – ૧

## જાહેરાત અન્વયેની જગ્યાઓની લાયકાત, અનુભવ, વય મર્યાદા તેમજ પગાર ધોરણ :

### (૧) સંપાદક

| | |
|---|---|
| જગ્યાની સંખ્યા | ૦૧ (એક) |
| માનદ વેતન | રૂ. ૪૫,૦૦૦/– (ફિક્સ માસિક) |
| શૈક્ષણિક લાયકાત | સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી ગુજરાતી ભાષા સાથે અનુસ્નાતકની પદવી ગુજરતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું હોઈએ. |
| અનુભવ તથા વિશિષ્ટ લાયકાત | • ૦૫ (પાંચ) વર્ષનો સંપાદન કાર્યનો અનુભવ<br>• સંપાદકીય લખાણો સ્વતંત્ર પણે કરવાની ક્ષમતા ધરાવતા હોવા જોઈએ.<br>• સંપાદકીય પ્રક્રિયા લાંબા લેખોનું સંપાદન તેમજ સાહિત્યિક સ્વરૂપની વિશિષ્ટ જાણકારી ધરાવતા હોવા જોઈએ.<br>• સાહિત્યિક વાતાવરણના આધુનિક વલણો, સાહિત્યિક સંસ્થાઓ અને ગુજરાતી ભાષાના પ્રકાશનોથી માહિતગાર હોવા જોઈએ.<br>• સાહિત્યના ઉત્તમ ધોરણો જાળવતા લેખો પસંદગી માટેની તમજ મૌલિક લેખો તૈયાર કરવાની ક્ષમતા અને પ્રૂફ રીડીંગની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| ઉંમર | ૩૫ વર્ષથી વધુ વયના હોવા ના જોઈએ. |
| કોમ્પ્યુટર જ્ઞાન | સરકાર માન્ય CCC/ CCC+ કોર્સ પાસ કરેલ<br>ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફીકેશન એન્ડ રીક્રૂટમેન્ટ (જનરલ) રૂલ્સ–૧૯૬૭માં દર્શાવેલ અને વખતો વખતનાં સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |

### (૨) પ્રકાશન અધિકારી

| | |
|---|---|
| જગ્યાની સંખ્યા | ૦૧ (એક) |
| માનદ વેતન | રૂ. ૪૫,૦૦૦/– (ફિક્સ માસિક) |
| શૈક્ષણિક લાયકાત | સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી ગુજરાતી ભાષા સાથે અનુસ્નાતકની પદવી ગુજરતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું હોઈએ. |
| અનુભવ તથા વિશિષ્ટ લાયકાત | • ભાષાંતર, પરિભાષા, સંશોધન, પ્રકાશન કે સંપાદન કાર્યનો ૦૫ (પાંચ) વર્ષ અનુભવ<br>• સાહિત્યિક વાતાવરણના આધુનિક વલણો, સાહિત્યિક સંસ્થાઓ અને ગુજરાતી ભાષાના પ્રકાશનોથી માહિતગાર હોવા જોઈએ.<br>• ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ અને પ્રૂફ રીડીંગ તેમજ પુસ્તક નિર્માણને લગતાં તમામ પાસાઓની જાણકારી હોવી જોઈએ. |

| | |
|---|---|
| ઉંમર | ૩૫ વર્ષથી વધુ વયના હોવા ના જોઇએ. |
| કોમ્પ્યુટર જ્ઞાન | સરકાર માન્ય CCC/ CCC+ કોર્સ પાસ કરેલ<br>ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફીકેશન એન્ડ રીક્રૂટમેન્ટ (જનરલ) રૂલ્સ–૧૯૬૭માં દર્શાવેલ અને વખતો વખતનાં સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. |

## (૩) સહાયક મહામાત્ર– ગુજરાતી

| | |
|---|---|
| જગ્યાની સંખ્યા | ૦૧ (એક) |
| માનદ વેતન | રૂ. ૪૦,૦૦૦/– (ફિક્સ માસિક) |
| શૈક્ષણિક લાયકાત | સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી ગુજરાતી ભાષા સાથે અનુસ્નાતકની પદવી<br>ગુજરતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું હોઇએ. |
| અનુભવ | • સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં વહીવટી કામનો અનુભવ ધરાવનારને પસંદગીમાં યોગ્ય અગ્રતા આપવામાં આવશે.<br>• સાહિત્યિક વાતાવરણના આધુનિક વલણો, સાહિત્યિક સંસ્થાઓ અને ગુજરાતી ભાષાના પ્રકાશનોથી માહિતગાર હોવા જોઇએ.<br>• ગુજરાતી ભાષા લખવા, વાંચવા તથા બોલવાનો મહાવરો હોવો જોઇએ. અલબત્ત ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ ધરાવતા હોવા જોઇએ. |
| ઉંમર | ૩૫ વર્ષથી વધુ વયના હોવા ના જોઇએ. |
| કોમ્પ્યુટર જ્ઞાન | સરકાર માન્ય CCC/ CCC+ કોર્સ પાસ કરેલ<br>ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફીકેશન એન્ડ રીક્રૂટમેન્ટ (જનરલ) રૂલ્સ–૧૯૬૭માં દર્શાવેલ અને વખતો વખતનાં સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. |

## (૪) સહાયક મહામાત્ર– હિન્દી

| | |
|---|---|
| જગ્યાની સંખ્યા | ૦૧ (એક) |
| માનદ વેતન | રૂ. ૪૦,૦૦૦/– (ફિક્સ માસિક) |
| શૈક્ષણિક લાયકાત | સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી હિન્દી ભાષા સાથે અનુસ્નાતકની પદવી<br>ગુજરતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું હોઇએ. |
| અનુભવ | • સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં વહીવટી કામનો અનુભવ ધરાવનારને પસંદગીમાં યોગ્ય અગ્રતા આપવામાં આવશે.<br>• સાહિત્યિક વાતાવરણના આધુનિક વલણો, સાહિત્યિક સંસ્થાઓ અને હિન્દી ભાષાના પ્રકાશનોથી માહિતગાર હોવા જોઇએ.<br>• હિન્દી ભાષા લખવા, વાંચવા તથા બોલવાનો મહાવરો હોવો જોઇએ. અલબત્ત હિન્દી ભાષા પરનું પ્રભુત્વ ધરાવતા હોવા જોઇએ. |
| ઉંમર | ૩૫ વર્ષથી વધુ વયના હોવા ના જોઇએ. |

| | |
|---|---|
| કોમ્પ્યુટર જ્ઞાન | સરકાર માન્ય CCC/ CCC+ કોર્સ પાસ કરેલ<br>ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફીકેશન એન્ડ રીક્રૂટમેન્ટ (જનરલ) રૂલ્સ-૧૯૬૭માં દર્શાવેલ અને વખતો વખતનાં સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |

## (૫) સહાયક મહામાત્ર- કચ્છી

| | |
|---|---|
| જગ્યાની સંખ્યા | ૦૧ (એક) |
| માનદ વેતન | રૂ. ૪૦,૦૦૦/- (ફિક્સ માસિક) |
| શૈક્ષણિક લાયકાત | સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી કચ્છી / સિંધી ભાષા સાથે અનુસ્નાતકની પદવી<br>ગુજરતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું હોઈએ. |
| અનુભવ | • સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં વહીવટી કામનો અનુભવ ધરાવનારને પસંદગીમાં યોગ્ય અગ્રતા આપવામાં આવશે.<br>• સાહિત્યિક વાતાવરણના આધુનિક વલણો, સાહિત્યિક સંસ્થાઓ અને કચ્છી ભાષાના પ્રકાશનોથી માહિતગાર હોવા જોઈએ.<br>• કચ્છી ભાષા લખવા, વાંચવા તથા બોલવાનો મહાવરો હોવો જોઈએ. અલબત્ત કચ્છી પરનું પ્રભુત્વ ધરાવતા હોવા જોઈએ. |
| ઉંમર | ૩૫ વર્ષથી વધુ વયના હોવા ના જોઈએ. |
| કોમ્પ્યુટર જ્ઞાન | સરકાર માન્ય CCC/ CCC+ કોર્સ પાસ કરેલ<br>ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફીકેશન એન્ડ રીક્રૂટમેન્ટ (જનરલ) રૂલ્સ-૧૯૬૭માં દર્શાવેલ અને વખતો વખતનાં સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. |

## (૬) સહાયક મહામાત્ર- સંસ્કૃત

| | |
|---|---|
| જગ્યાની સંખ્યા | ૦૧ (એક) |
| માનદ વેતન | રૂ. ૪૦,૦૦૦/- (ફિક્સ માસિક) |
| શૈક્ષણિક લાયકાત | સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સંસ્કૃત ભાષા સાથે અનુસ્નાતકની પદવી<br>ગુજરતી, હિન્દી અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોવું હોઈએ. |
| અનુભવ | • સરકારી કે અર્ધસરકારી કચેરીઓમાં વહીવટી કામનો અનુભવ ધરાવનારને પસંદગીમાં યોગ્ય અગ્રતા આપવામાં આવશે.<br>• સાહિત્યિક વાતાવરણના આધુનિક વલણો, સાહિત્યિક સંસ્થાઓ અને સંસ્કૃત ભાષાના પ્રકાશનોથી માહિતગાર હોવા જોઈએ.<br>• સંસ્કૃત ભાષા લખવા, વાંચવા તથા બોલવાનો મહાવરો હોવો જોઈએ. અલબત્ત સંસ્કૃત ભાષા પરનું પ્રભુત્વ ધરાવતા હોવા જોઈએ. |
| ઉંમર | ૩૫ વર્ષથી વધુ વયના હોવા ના જોઈએ. |
| કોમ્પ્યુટર જ્ઞાન | સરકાર માન્ય CCC/ CCC+ કોર્સ પાસ કરેલ |

| | |
|---|---|
| | ગુજરાત સિવિલ સર્વિસ ક્લાસિફીકેશન એન્ડ રીક્રૂટમેન્ટ (જનરલ) રૂલ્સ-૧૯૬૭માં દર્શાવેલ અને વખતો વખતનાં સુધારા મુજબનું કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝિક જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. |

**કોમ્પ્યુટર જ્ઞાન અંગેની લાયકાત:**

- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ નં. સીઆરઆર./૧૦-૨૦૦૭/૧૨૦૩૨૦/ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું પ્રાથમિક જ્ઞાન (બેઝિક નોલેજ) ધરાવતાં હોવા અંગેનું કોઈપણ તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. **અથવા**
- સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેનું કોઈ પણ ડીગ્રી અથવા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેના પ્રમાણપત્રો અથવા ધોરણ- ૧૦ અને ધોરણ- ૧૨ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલા હોય તેના પ્રમાણપત્રો ધરવાતા હોવા જોઈએ.
- આ તબક્કે આવુ પ્રમાણપત્ર ન ધરાવતાં ઉમેદવારો અરજી કરી શકશે નહીં. જો અરજી કરેલ હશે તો આવેદન રદ કરવામાં આવશે.

**વય મર્યાદા અંગેની લાયકાત:**

- ઉંમર તથા અનુભવ જાહેરાતની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખનાં રોજ ગણવામાં આવશે. અરજી કરવાની અંતિમ તારીખ CUT OFF DATE ગણવાની રહેશે.

**પંદગીની પ્રક્રિયા:**

- કરાર આધારિત જગ્યાઓની ભરતી માટે આવેદનપત્રો ગુજરાત સાહિત્ય અકાદમીની વેબસાઈટ https://gujaratsahityaacademy.com મારફતે મેળવવા આવશે. **તમામ અરજદારોને ઓનલાઈન અરજી ઉપરાંત ઓફલાઈન મોડમાં પણ અરજી અને સાધનિક કાગળો અકાદમીને મોકલી આપવા રહેશે.**
- તમામ આવેદનની સ્ક્રૂટીની કરવા માટેની સ્ક્રૂટીની સમિતિ રહેશે. સ્ક્રૂટીની બાદ લાયકાત ધરાવતા આવેદકોને લેખિત કસોટી, કોમ્પ્યુટર એપ્ટિટ્યુટ ટેસ્ટ અને ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે.
- લેખિત કસોટી – ૫૦ ગુણની, કમ્પ્યુટર પ્રોફીશિયન્સી ટેસ્ટ –૧૦ ગુણની અને ઇન્ટરવ્યૂ (મૌખિક કસોટી)– ૪૦ ગુણનું રહેશે.
- ઉપર મુજબ લેખિત પરીક્ષા + કોમ્પ્યુટર + ઇન્ટરવ્યૂનાં કુલ ગુણ –૧૦૦ માંથી ઉમેદવારે દરેકમાં મળેલ ગુણનો સરવાળો કરી કુલ ગુણ મુજબ મેરીટ બનશે.
- જે તે જગ્યા મુજબ જે ઉમેદવાર પ્રથમ આવે તેને નિયુક્તિપત્ર આપવામાં આવશે. તે પછીનાં બીજા ક્રમે રહેલ ઉમેદવારને પ્રતીક્ષા યાદીમાં રાંખવામાં આવશે. પ્રથમ ક્રમનો ઉમેદવાર હાજર ન થાય તો પ્રતીક્ષા યાદી પરનાં ઉમેદવારને નિયુક્તિ આપવામાં આવશે.

પત્રક–૨

**બોલીઓ અને શરતો :**

1. આ જગ્યા માટે નિયત કરવામાં આવેલ માસિક ફિક્સ પગાર ઉપરાંત અન્ય કોઈ પણ પ્રકારનાં ભથ્થા મળવાપાત્ર રહેશે નહી.
2. નિમણૂક કરારના ધોરણે ગણવામાં આવશે. કરારની મુદત ૧૧ માસની રહેશે. કરારની મુદત પૂર્ણ થયેથી અપાયેલ નિમણૂકનો આપોઆપ અંત આવેલો ગણાશે.
3. ઉભયપક્ષે એક માસની નોટિસ અથવા એક માસની ફિક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.
4. કરારના સમયગાળા દરમ્યાન તેઓને ફિક્સ વેતનમાં કોઈ પણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે તબીબી ભથ્થું, મેડીકલ, રીએમ્બર્સમેન્ટ, પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર, પેશગી જેવા સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.
5. જે જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે તે જગ્યા માટે સરકારશ્રીએ નિયત કરેલ તમામ ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરી/સંસ્થામાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરી/સંસ્થામાં હાજરી આપવાની રહેશે.
6. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. કોઈપણ પ્રકારનાં કરારીય સમયગાળા દરમિયાન કર્મચારી વિકલાંગ થાય તો તે અંગે કોઈપણ લાભ મળવાપાત્ર રહેશે નહી. બીજા નાણાંકીય લાભ, એક્સગ્રેસીયા લાભ જેવા આનુસાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.
7. કરારના સમય દરમ્યાન માસિક ધોરણે ૧(એક) પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવવામાં આવે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે.
8. કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.
9. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે ગેરશિસ્ત બદલ કોઈ પણ જાતની નોટિસ આપ્યા સિવાય કોઈ પણ સમયે કર્મચારીને છૂટા કરવામાં આવશે.
10. વ્યવસાયવેરાની કપાત નિયમોનુસાર ફિક્સ પગારમાંથી કરવામાં આવશે.
11. સરકારી સેવાની બાબત અંગે કોઈ પણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.
12. કરાર આધારીત નિમણૂક હોઈ તેઓને સરકારી મહેકમ ઉપર સમાવેશ થવા માટેનો કોઈ હક્ક રહેશે નહીં. આ માટે કોઈ પણ દાવા સ્વિકારવાનાં રહેશે નહી.
13. કરાર આધારીત નિમણૂક માટે ઉપર મુજબની શરતો ઉપરાંત સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તે નિમણૂક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે.
14. ઉપરોકત કરારની શરતો અને બોલીઓ મુજબ ૧૧માસનો કરાર રૂ.૩૦૦/–ના સ્ટેમ્પ પર કરી ઉમેદવાર હાજર થતા સમયે મેળવી લેવાનો રહેશે.

મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી
ગાંધીનગર.